ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
## ગાંધીનગર

ફરિયાદી:- સતિષ પટેલ

સામાવાળા :- મિનેષ શાહ એન્ડ બ્રધર્સ, અમદાવાદ.

પ્રોજેક્ટ : મુક્ત વિલાસ

ફરિયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : જાતે

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : શ્રી મિનેષ શાહ

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/AHMEDABAD/180501/00059

## હુકમ
તા.૧૦/૦૧/૨૦૧૯

૧. ફરીયાદી દ્વારા ફરિયાદની ટુંકમાં રજુઆત એવી છે કે ફરીયાદીએ સામાવાળાના પ્રોજેક્ટ શ્રી મુક્ત વિલામાં બંગલો નંબર – ૬ માર્ચ – ૨૦૧૪ માં બુક કરાવેલ પ્રમોટર દ્વારા ફરિયાદીને બુકિંગ બાદ ૨.૫ વર્ષ માં પઝેશન આપવાનું જણાવેલ પરંતુ ૪ વર્ષ થવા છતાં મળેલ નથી. આથી ફરિયાદીની રેરા ઓથોરીટી સમક્ષ પઝેશન તેમજ ચૂકવેલ નાણા પર વિલંબ ના કારણે વળતર આપવા માંગણી કરેલ છે.

3. તા. 03/૦૧/૨૦૧૯ ના રોજ ફરિયાદી તેમજ સામાવાળા ઓથોરીટી સમક્ષ હાજર રહેલ તેમજ સામાવાળાએ કે ફરિયાદીને તેઓના બુકિંગ પેટેના બધાજ નાણાં વ્યાજ

સહિત આપવા તૈયારી દર્શાવેલ છે. આ માટે બંન્ને પક્ષે સમજૂતી કરેલ છે. ફરિયાદીએ આ સમજૂતી કરારને આધારે આ ફરિયાદ દફ્તરે કરવાં માંગણી કરેલ છે.

## હુકમ

૧. સામાવાળા દ્વારા ૬ – માસમાં ફરીયાદીને નાણાં વ્યાજ સાથે પરત ચૂકવવાના રહેશે તથા જો સામાવાળા ૬ – મહિનામાં આ નાણાં ન ચૂકવે તો ફરિયાદી પુનઃ રેરા ઓથોરીટી સમક્ષ પોતાની ફરિયાદ કરી શકશે. જ્યાં સુધી નાણાં ફરિયાદીના બેંકમાં જમા ન થાય ત્યાં સુધી તેઓનો વિલા / ફ્લેટ સામાવાળા કોઇ અન્ય વ્યક્તિને વહેંચી શકશે નહીં.

ફરિયાદીની ફરિયાદનું સમાધાન થઇ ગયેલ હોય ફરિયાદ દફ્તરે કરવામાં આવે છે.

ફરિયાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

10/1/17

મેમ્બર-૧

મેમ્બર-૨